eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 138
April 11, 2008

## પૂર્વઝોન(વરાછા)ની કામગીરી




સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા)માં ટી.પી.સ્કીમ નં.૩૮ (નાના વરાછા) વિસ્તારમાં મોતીનગર સોસાયટી પાસે ૩૦૦ મી. પહોળાઈનો કેનાલ રોડ પસાર થાય છે. આ રોડ પર મોતી નગર સોસાયટી પાસે સાંજના સમયે શાકભાજીના પાથરણા વાળાઓનું પુષ્કળ પ્રમાણમાં દબાણ રહે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા ) ઝોનની કામગીરી

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં તા.૦૨–૦૪–૨૦૦૮ અને તા.૦૩–૦૪–૨૦૦૪ ના રોજ મુખ્ય રસ્તા પરના સાઈડ માર્જીનમાં તેમજ ફુટપાથ પર થયેલ દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## વિશ્વ આરોગ્ય દિન – ૨૦૦૮ની સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉજવણી

આપ સુવિદિત છો કે " વિશ્વ આરોગ્ય સંસ્થા" ની સ્થાપના ૭ મી એપ્રિલ –૧૯૪૬ ના દિને જીનીવા ખાતે કરવામાં આવી હતી એટલે આ વર્ષે ૬૨ મી વર્ષગાંઠ ઉજવનાર છીએ. સૌના આરોગ્ય માટે વિશ્વસ્તરે મહત્વના નિર્ણયો લેનાર એક અજોડ અને બીન રાજકીય સંસથાનુ પોતાનું એક અલગ બંધારણ પણ છે અને વિશ્વના ૧૩૦ થી વધુ દેશો આ સંસ્થા જોડે સંકળાયેલા છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પિટલની માર્ચ માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં માર્ચ માસ દરમ્યાન ૧૧૯૨૫ ઈન્ડોર તથા ૩૭૬૬૯ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૩૩૮ તથા ૫૧૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૬૪૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪૩૪ અને જુના ૪૫૯ દર્દીઓ સહીત કુલ–૮૯૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા .

વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાયવેરાની વસુલાત અંગે સુરત મહાનગરપાલિકાની કામગીરી

ગુજરાત રાજયનાં નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં નોટીફિકેશનથી ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન તથા વસુલતની કામગીરી સુરત મહાનગરપાલિકાને તા.૧/૧૦/૨૦૦૬ થી સોંપવામાં આવેલ અને તે મુજબ મહાનગરપાલિકા તેવી કામગીરી કરી રહી છે. હાલમાં રાજય સરકારશ્રીએ પ્રોફેશનલ ટેક્ષના દરોમાં સુધારો કરેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## યુ. કે. ના લેસેસ્ટર સીટીના મા. મેયરશ્રી તથા ૫ (પાંચ) સભ્યશ્રીઓનું પ્રતિનિધિ મંડળ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

યુ. કે. ના લેસેસ્ટર સીટીના મા. મેયરશ્રી તથા ૫ (પાંચ) સભ્યશ્રીઓનું પ્રતિનિધિ મંડળ આજ રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ. આ પ્રતિનિધિ મંડળે સુરત મહાનગરપાલિકાના સીંગણપોર બાયોગેસ પ્લાન્ટ, ભટાર ખાતેના બાયો મેડીકલ વેસ્ટ પ્લાન્ટ તથા સાયન્સ સીટી સેન્ટરની મુલાકાત લીધી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

# પૂર્વઝોન(વરાછા)ની કામગીરી




સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા)માં ટી.પી.સ્કીમ નં.૩૮ (નાના વરાછા) વિસ્તારમાં મોતીનગર સોસાયટી પાસે ૩૦૦ મી. પહોળાઈનો કેનાલ રોડ પસાર થાય છે. આ રોડ પર મોતી નગર સોસાયટી પાસે સાંજના સમયે શાકભાજીના પાથરણા વાળાઓનું પુષ્કળ પ્રમાણમાં દબાણ રહે છે, જેના કારણે રસ્તા પરથી અવરવજર માં ખુબજ મુશકેલી પડતી હોવાથી તેમજ સ્થાનિક રહેવાસીઓની આ દબાણ દુર કરવાની રજુઆતના પગલે નાના વરાછા, ગામતળમાં કબ્રસ્તાનની બાજુમાંથી પસાર થતી ખાડીમાં પુરાણ કરી, જગ્યા સમતળ કરી આ સ્થળે મોતીનગર વિસ્તારમાં બેસતા આશરે ૧૨૫ જેટલા પાથરણાવાળાને તા.૦૨/૦૪/૨૦૦૮ ના રોજ શીફટ કરવામાં આવેલ છે જેના કારણે મોતીનગર ની બાજુના રસ્તા પરનું દબાણ ખુલ્લુ થવા પામેલ છે, તેમજ આ વિસ્તારમાં શાકભાજી વેચવા રસ્તા પર નહી બેસવા અંગે શાકભાજીના પાથરણાવાળાઓને કડક સુચના આપવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરીમાં પૂર્વઝોન (વરાછા)ના દબાણ ખાતાના સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ છે.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા ) ઝોનની કામગીરી

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં તા.૦૨–૦૪–૨૦૦૮ અને તા.૦૩–૦૪–૨૦૦૪ ના રોજ મુખ્ય રસ્તા પરના સાઈડ માર્જીનમાં તેમજ ફુટપાથ પર થયેલ દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં અઠવાગેટથી રૂંઢ જકાતનાકા સુધી પાર્લે પોઈન્ટથી એલ્બી ફાયર સ્ટેશન સુધી અઠવાગેટ થી જવાહરલાલ નહેરુ ઉધાન, અઠવાગેટ ફલાયઓવર બ્રીજ ની નીચે મિશન હોસ્પિટલની ગલી,કલા મંદિર ની ગલી ,કાકડીયા કોમ્પલેક્ષ ,સાયન્સ સેન્ટર સામે સીટી લાઈટ ,બી . એસ . એન . ની ગલી વિગેરે રસ્તાઓ પર કરવામાં આવેલ દબાણ દુર કરાય છે.જેમાં ખુલ્લી લારી નંગ–૫૫,છાપરાવાળી લારી નંગ–૧૦,બંધ લારી નંગ–૧૧,લાકડા ટેબલ નં.૪,કેબિન નંગ–૧,કાઉન્ટર નંગ–૨૮ તથા પરચુરણ સાધન સામગ્રી નંગ–૧ (એક) મળી કુલ–૧૯૯ નંગ ઉપાડવામાં આવેલ છે.

તેમજ તા.૦૩–૦૯–૨૦૦૮ ના રોજ ભટાર ચાર રસ્તાથી વાય જંકશન થઈ ડી.કે.પાર્ક, શ્રીરામ મારબલ,અલથાણ મેઈનરોડ,યુનિયન પાર્ક,જોગીંગ પાર્ક પાસેનો વિસ્તાર તથા ઈન્ડોર સ્ટેડિયમ, હાઉસ ફુલ પાસે વિગેરે વિસ્તારમાં કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર કામગીરીમાં કુલ–૫૫ લારી ગલ્લા વિગેરે સામાન ઉપાડવામાં આવેલ છે.

સદર કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના ટેકનીકલ સ્ટાફની મદદથી ડે.ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ તથા રાંદેર ઝોન તેમજ ઉધના ઝોનના દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

TOP

# વિશ્વ આરોગ્ય દિન – ૨૦૦૮ની સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉજવણી

આપ સુવિદિત છો કે " વિશ્વ આરોગ્ય સંસ્થા" ની સ્થાપના ૭ મી એપ્રિલ –૧૯૪૬ ના દિને જીનીવા ખાતે કરવામાં આવી હતી એટલે આ વર્ષે ૬૨ મી વર્ષગાંઠ ઉજવનાર છીએ . સૌના આરોગ્ય માટે વિશ્વસ્તરે મહત્વના નિર્ણયો લેનાર એક અજોડ અને બીન રાજકીય સંસથાનુ પોતાનું એક અલગ બંધારણ પણ છે અને વિશ્વના ૧૩૦ થી વધુ દેશો આ સંસ્થા જોડે સંકળાયેલા છે. સૌના માટે આરોગ્ય ધ્યેય ને હાંસલ કરવા આ સંસ્થા પ્રતિવર્ષ એક સૂત્ર વિશ્વભરમાં જાહેર કરે છે અને આ સૂત્ર ને યથાર્થ ઠેરવવા વિશ્વ ના તમામ દેશો આરોગ્યલક્ષી વિવિધ કાર્યક્રમો વડે જનતાનું આરોગ્ય સ્તર ઉંચુ લાવવામાં ખુબ મદદરૂપ નિવડે છે.

સુરત મહાનગરપાલિકા આરોગય વિભાગ છેલ્લા દશકાથી પરિચર્ચા ,નિબંધ સ્પર્ધા ,ચિત્રકામ સ્પર્ધા અને જનજાગૃતિ રેલી વિગેરે આરોગ્યલક્ષી કાર્યક્રમો નું આયોજન હાથ ધરી જનજાગૃતિ મેળવવામાં સફળતા મેળવી છે. પ્રતિવર્ષ ની માફક આ વર્ષે જનજાગૃતિ રેલીનું આગોજન સવારે ૯:૩૦કલાકે ભાગળ ચાર રસ્તાથી માન. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી ના વરદ હસ્તે પ્રસ્થાન કરાવેલ. સદરહું રેલી ભાગળ ચાર રસ્તા થી શરૂ થઈ કોટસફીલ રોડ થઈ નવસારીબજાર મેઈન રોડ થઈ રૂસ્તમપુરા કોમ્યેનીટી હોલ ખાતે સમાપન થયેલ.

| વર્ષ | વિશ્વ આરોગ્યદિન નિમિતે જાહેર કરવામાં આવેલ સૂત્ર |
|---|---|
| ૨૦૦૮ | બદલતા પર્યાવરણથી આરોગ્ય નું જતન કરીએ |
| ૨૦૦૭ | આરોગ્યમાં રોકાણ અને સુરક્ષિત ભાવિ નિર્માણ |
| ૨૦૦૬ | સ્વાસ્થ્ય માટે સૌ સાથે |
| ૨૦૦૫ | પ્રત્યેક માતા અને બાળક :મૂલ્યવાન |
| ૨૦૦૪ | માર્ગ સલામતી ,અકસ્માત નિવારણ |
| ૨૦૦૩ | બાળકો માટે સાનુકૂળ વાતાવરણ |
| ૨૦૦૨ | સ્વાસ્થ્ય માટે પ્રયાસ |
| ૨૦૦૧ | માનસિક રોગોની અવગણા કરશો નહિ |
| ૨૦૦૦ | સુરક્ષિત લોહી ,સુરક્ષિત જીવન |

આમ વિતેલા વર્ષોમાં આ સંસ્થાને આરોગ્યલક્ષી વિવિધ કાર્યક્રમો અંતર્ગત મેલેરીયા, ટી. બી /લેપ્રેસી /એઈડસ કંટ્રોલ, રસીઓનું ઉત્પાદન, હેલ્થ સ્ટેટેસ્ટીકસ, પબ્લીક હેલ્થ એડમીનીસ્ટ્રેશન ,ગ્રામ્ય આરોગ્ય સેવાઓ, નર્સીગ, મેડીકલ એજયુકેશન, માનસિક આરોગ્ય, દાંતની સુરક્ષા, દવાઓની ગુણવતા અને નિયંત્રણ, સેઈફ વોટર, માતૃબાળ કલ્યાણ યોજના ઓ સંચારી રોગો અટકાયત વિશે નોંધપાત્ર કામગીરી કરેલ છે.

TOP

## સ્મીમેર હોસ્પિટલની માર્ચ માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં માર્ચ માસ દરમ્યાન ૧૧૯૨૫ ઈન્ડોર તથા ૩૭૬૬૯ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૩૩૮ તથા ૫૧૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૬૪૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪૩૪ અને જુના ૪૫૯ દર્દીઓ સહીત કુલ–૮૯૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૨૦૨૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૫૨૫ તથા આંખ વિભાગમાં ૨૮૪૫ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ–૯૭૬૫ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## વ્યવસાયવેરાની વસુલાત અંગે સુરત મહાનગરપાલિકાની કામગીરી

ગુજરાત રાજયનાં નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં નોટીફિકેશનથી ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન તથા વસુલતની કામગીરી સુરત મહાનગરપાલિકાને તા.૧/૧૦/૨૦૦૬ થી સોંપવામાં આવેલ અને તે મુજબ મહાનગરપાલિકા તેવી કામગીરી કરી રહી છે. હાલમાં રાજય સરકારશ્રીએ પ્રોફેશનલ ટેક્ષના દરોમાં સુધારો કરેલ છે. ઉપરાંત કેન્દ્ર સરકાર, રાજય સરકાર તથા તેઓ સંચાલિત જાહેર સાહસોના કર્મચારી,ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાનાં કર્મચારી, પંચાયત કર્મચારી, સિવાયનાં કર્મચારીઓનો કપાતો વ્યવસાયવેરો(આર.સી.) મહાનગરપાલિકાને ચુકવવાનો રહે છે /મહાનગરપાલિકાએ વસુલ લેવાનો થાય છે. જો તા.૧/૪/૨૦૦૮ પહેલાંની સંસ્થાઓનો પ્રોફેશનલ ટેક્ષ બાકી હશે તો તેઓએ તે રકમ ચલણ મારફતે બેંક / ટ્રેઝરીમાં જમા કરાવવાની રહે છે તથા તા.૧/૪/૨૦૦૮ પછી મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાની રહે છે. હવે પછી પ્રોફેશનલ ટેક્ષની વસુલાત સીધેસીધી મહાનગરપાલિકામાં જમા કરાવી શકાય તે અર્થે મહાનગરપાલિકા શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં કલેકશન સેન્ટરોની જાહેરાત ટૂંક સમયમાં કરશે. આ કલેકશન સેન્ટરો પ્રોફેશનલ ટેક્ષની રકમ વસુલાત કરી પહોંચ આપશે.

આથી ઉપર મુજબ જે સંસ્થાઓ/એકમો/વ્યકિતઓને પ્રોફેશનલ ટેક્ષ અધિનિયમ લાગુ પડતો હોય અને રજીસ્ટ્રેશન કે રીન્યુઅલ કરાવેલ ન હોય તો તેઓને તાકીદે જે તે વિસ્તારની ઝોન કચેરી ખાતે ગુમાસ્તધારા વિભાગનો સંપર્ક કરી રજીસ્ટ્રેશન કે રીન્યુઅલ કરાવી લેવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ન આવે તો ધારાભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી.

TOP

## યુ. કે. ના લેસેસ્ટર સીટીના મા. મેયરશ્રી તથા ૫ (પાંચ) સભ્યશ્રીઓનું પ્રતિનિધિ મંડળ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

યુ. કે. ના લેસેસ્ટર સીટીના મા. મેયરશ્રી તથા ૫ (પાંચ) સભ્યશ્રીઓનું પ્રતિનિધિ મંડળ આજ રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ. આ પ્રતિનિધિ મંડળે સુરત મહાનગરપાલિકાના સીંગણપોર બાયોગેસ પ્લાન્ટ, ભટાર ખાતેના બાયો મેડીકલ વેસ્ટ પ્લાન્ટ તથા સાયન્સ સીટી સેન્ટરની મુલાકાત લીધી હતી.

સાંજે ૪.૩૦ કલાકે મા. મેયરશ્રી, કમિશનરશ્રી, પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ સાથે સુરતના આર્થિક વિકાસ તથા મહાનગરપાલિકાની વિવિધ કામગીરીઓ માટેની મીટીંગમાં સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી એસ. અર્પણાએ જણાવ્યું હતુ કે સુરત શહેર એક વિકાસ પામતુ શહેર છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા ઘણા ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી ચાલી રહી છે. શહેરના વિવિધ ઉદ્યોગો તથા મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરાનારા વિવિધ પ્રકલ્પોની ઝાંખી કરાવી મહાનગરપાલિકાની કામગીરીની માહિતી આપી હતી.

મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણીના હસ્તેલેસેસ્ટર સીટીના મા. મેયરશ્રી ગેરી હન્ટને મોમેન્ટો તથા બુકે આપી સ્વાગત કર્યુ હતું. પદાધિકારીશ્રીઓએ પ્રતિનિધિ મંડળના અન્ય સભ્યશ્રીઓનું બુકે આપી સ્વાગત કર્યુ હતું.

ટાઉન પ્લાનરશ્રી બશાકે મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો તથા સુરત શહેરના વિવિધ ઉદ્યોગો, કંપનીઓના વિકાસની ઝાંખી કરાવતુ માહિતીપ્રદ ડેમોસ્ટ્રેશન રજુ કર્યુ હતુ.

સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે શહેરના વિકાસની રૂપરેખા, આર્થિક વિકાસ તથા સહકારના વિવિધ પાસાઓ અંગે મંતવ્યો રજુ કર્યા હતા.

લેસેસ્ટર સીટીના મા. મેયરશ્રીએ પોતાના શહેરના ઝડપી આર્થિક વિકાસ, ભારતીય સંસકૃતિનો સમન્વય, તહેવારોની ઉજવણી, રસ્તા, રેલ નેટવર્ક, વિમાની સેવાઓ શહેરની મુખ્ય કંપનીઓ તથા શૈક્ષણિક ક્ષેત્રે પ્રદાન તથા આર્થિક વિકાસના ક્ષેત્રે સુરત શહેર સાથે સમન્વય કરી ભાગીદારી ધ્વારા ઔદ્યોગીક વિકાસ સાધવા જણાવ્યુ હતું. પ્રતિનિધિ મંડળના શ્રી કિશોરભાઈ ટેલરે માહિતીપ્રચુર ડેમોસ્ટ્રેશન રજુ કરેલ હતું. મીટીંગ બાદ ગ્રૂપ ડીસ્કશન ધ્વારા વિવિધ પાસાઓની સધન છણાવટ કરી હતી.

અંતમાં ડે. કમિશનરશ્રી (જન.) શ્રી મહેશસીંધે આભારવિધિ કરી હતી.

TOP